


## સલામી સવારની..

*નિષ્ઠા, કર્તવ્ય ને દેશપ્રેમ, આપે નવું વરસ,*
*તને તંદુરસ્તી, મને શાંતિ, આપે નવું વરસ,*
*પ્રેમભાવ ઐક્ય વિશ્વહૃદયે સ્થાપે નવું વરસ,*
*ઐશ્વર્ય ને શક્તિ, પ્રભુ-ભક્તિ, આપે નવું વરસ...*

હાઈકુ

*વંદન સહ,*
*છે હાર્દિક શુભેચ્છા*
*નૂતન વર્ષે...*

*પ્રભુ કૃપાથી,*
*બને મંગલમય-*
*આવતું વર્ષ*

*(સૌને નૂતન વર્ષાભિનંદન)*

## ચિંતન

**અહિંસા સુનૃતા વાણી સત્યં શૌચં દયા ક્ષમા ।**
**વર્ણિનાં લિંગિનાં ચૈવ સામાન્યો ધર્મ ઉચ્યતે ॥**

ઉપરોક્ત શ્લોક અગ્નિપુરાણમાંથી લેવામાં આવેલ છે.

કોઈ પણ પ્રકારની હિંસા ન કરવી, કોઈને પણ કષ્ટ ન પહોંચાડવું, મધુર વાણી બોલવી, સત્ય ભાષણ કરવું, અંદર અને બહારથી પવિત્ર રહેવું અને શૌચાચારનું પાલન કરવું, દીન પ્રત્યે દયા રાખવી તથા ક્ષમાશીલ રહેવું - આ ચારેય વર્ણો અને આશ્રમોનો સામાન્ય ધર્મ કહેવામાં આવ્યો છે.

'ધર્મ'ની સાચી વ્યાખ્યા ધર્મગુરુઓ પોતાના શિષ્યોને સંપ્રદાયીઓ પોતાના અનુયાયીઓને સમજાવતા કે કહેતા જ નથી બાહ્યાચાર-ક્રિયાકાંડ-કાયાકલાપ-પંથ-સંપ્રદાયની ઓળખ માટે ખાસ પહેરવેશ ટીલા-ટપકાં આવાં ખોખલાં ચિહ્નો દ્વારા માત્ર સ્વની સ્થાપના અને 'ગાદી' ટકાવવા - નભાવવાની રમત જ છે.

અગ્નિપરાણનો આ શ્લોક આપણને સાચા ધર્મની વ્યાખ્યા - સમજ આપે છે.

## સુવિચાર

- તમારે પ્રારંભ કરવા માટે મહાન હોવાની જરૂર નથી...
  પણ પ્રારંભ કરીને મહાનતા સુધી પહોંચવાનું છે - **આલ્ફ્રેડ નોબલ**
- જઝબાત નહીં સંભળ સકે તો કયા હૈ, લમ્હાત નહી બદલ સકે તો કયા હૈ, કોશીશ તો બહુત કી થી મેરે હાથોં ને, હાલાત નહીં બદલ સકે તો કયા હૈ - **અલીલ મેરઠી**
- જગતનું નૂર સંપ છે, કુસંપે રાજય ગયાં, ઘર ગયાં, બુદ્ધિ ગઈ, શરીર કયાં અને ધન ગયાં - **જીવનસૂત્ર**
- પ્રેમ અને ધૃણા, ક્રોધ અને કરૂણા, રાગ અને દ્વેશ, સારુ અને ખરાબ, બંને એક સાથે રહી શકે નહીં, બેમાંથી એકને છોડવું પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- સંબંધમાં એકનું પાગલપન અને બીજાની વાસ્તવિકતા છે - **નવનિત**
- વિધાતા એ ઘડેલી ગતિવિધિઓ બાદ જે કંઈ વધ્યું ઘટ્યું રહે તેને નસીબ કહે છે - **જર્મન કહેવત**
- આજનું ઔષધ : ટામેટા ને સહેજ ગરમ કરી સિંધાલૂણ અને મરીનો ભૂકો છાંટીને ખાવાથી અજીર્ણ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આપણી ન્યાય કોર્ટોનો સિદ્ધાંત છે કે કોઈ નિર્દોષને સજા ન થઈ તે જોવું - પુરાવા અને ચશ્મદીદ સાક્ષીને જ મહત્ત્વ આપવામાં આવે છે - કોઈ કરોડપતિની ગાડી નીચે કચડાયેલાને કદી 'ન્યાય' નથી મળ્યો - સમજૂતિ થઈ હશે! ફિલ્મી કલાકારો, ધનિકો, નામાંકિત નેતાઓ સામે કોઈ પુરાવા નથી મળતા - વકીલો કાયદાનું કપટ જાણે છે તેથી જ આજકાલ 'ન્યાય' નું કલેવર પણ બદલે છે - હવે તો સુપ્રીમમાં જજો ને પણ ચૂકાવા પ્રત્યે 'ચર્ચા' જરુરી જણાય છે.

મુલ્લાં નસરૂદ્દીનને કિમતી હીરો મળ્યો. મિયાં ખૂદાના બંદા તો હતા પણ આવો હીરો જતો કેમ કરાય ધર્મ પ્રમાણે તો તેમને ત્રણવાર ચોકમાં ઊભી જાહેરાત કરવી પડે - 'મને હીરો મળ્યો છે' પછી જો કો માલિક ન થાય તો હીરો તેની માલિકીનો થાય.

મિયાં કપટી વકીલ કમરૂદ્દીન પાસે ગયા અને પોતાની ઈચ્છા થતા ધર્મનું બંધન પણ કહ્યું - વકીલ કહે ત્રણ દિવસ મોડી રાત્રે ચોકમાં જઈ મોટેથી બૂમ પાડી મને કિંમતી વસ્તુ મળી છે એમ બોલજો! રાત્રે કોણ સાંભળવાનું છે? મિયાંને મજા પડી ગઈ - પુરાવામાં પોલાણ રાખી આજની પોલીસ 'પ્રિયજનો' ને 'ન્યાય' અપાવી દે છે એમ મુલ્લાં હીરાના 'માલિક' થઈ ગયા...

# ચૂંટણી પૂર્વે મુલાયમ પાર્ટીને પાનો ચડાવતી યાદવાસ્થળી




ભગવાન શ્રીકૃષ્ણના નામ સાથે સંકળાયેલી યાદવોની યાદવાસ્થળી સ્વનાશ નોતરે એવું ભલે મનાતું હોય, ઉત્તર પ્રદેશમાં સત્તાધારી પક્ષ સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમ સિંહ યાદવના મુખ્યપ્રધાનપુત્ર અખિલેશ યાદવ અને પક્ષના પ્રદેશપ્રમુખ તથા સગાભાઈ શિવપાલ યાદવ વચ્ચેના સંઘર્ષમાં ત્રીજો ફાવી જાય એવા ન્યાયે ભારતીય જનતા પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી બેઉ સત્તા માટે ટાંપીને બેઠાં છે. લોકસભાની છેલ્લી ચૂંટણીમાં ઉત્તર પ્રદેશની ૮૦ બેઠકોમાંથી ભાજપ વત્તા અપના દલના જોડાણે ૭૩ બેઠકો મેળવીને નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર રચવા કૃતસંકલ્પ ભાજપને ભારે સફળતા મળી હતી એટલે હવે વર્ષ ૨૦૧૭ની શરૂઆતમાં લખનઊમાં પણ કમળ ખીલે અને ૪૦૪ બેઠકોવાળી વિધાનસભામાં ૩૦૦ બેઠકો મેળવવાના સંકલ્પ સાથે ભગવી પાર્ટી આગળ વધી રહી છે. છેલ્લા બે વર્ષમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ૧૫૦ વખત ઉત્તર પ્રદેશની મુલાકાત લઈ ચૂક્યા છે. પક્ષના મુખ્યપ્રધાનપદના ઉમેદવારો ઘણા છે, પણ એમને યેનકેન પ્રકારેણ ટાઢા પાડી રહ્યા છે. નવા પ્રદેશાધ્યક્ષ તરીકે કેશવપ્રસાદ મૌર્યને આગળ કરીને યાદવ પાર્ટીની ઓબીસી વોટબેંકમાં ટક્કર આપવા ઉપરાંત સમગ્ર સંઘ પરિવારને કામે લગાડવામાં આવ્યો છે.

આગામી માર્ચ-એપ્રિલ સુધીમાં લખનઊમાં ભાજપની સરકાર સ્થાપવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ વારંવાર પ્રદેશની મુલાકાતો લઈને જનઆકાંક્ષાઓની પૂર્તિ માટે દિલ્હીની કેન્દ્ર સરકારને અનુકૂળ સરકાર સ્થાપવા મતદારોને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે ઉત્તર પ્રદેશનો મતદાર ખાસ્સો પરિપક્વ છે.અકળ છે. ૮૦માંથી ૭૩ બેઠકો ભાજપ જોડાણને આપ્યા પછી પણ બહુજન સમાજ પાર્ટીનાં સુપ્રીમો માયાવતીની પાછળ વિશાળ જનમેદની ઉમટી રહ્યાના સંકેત આપે છે. કૉંગ્રેસ પણ પ્રશાંત કિશોરની કીમિયાગિરીની બિહાર-ગુજરાત કવાયત અજમાવીને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની નેતાગીરીની ડૂબતી નૈયાને વૈતરણી પાર કરાવવા કૃતસંકલ્પ છે. વડા પ્રધાન મોદી અને અમિત શાહે ભાજપની વિકાસ કેસેટ વગાડવાને બદલે શ્રીરામ મંદિર બાંધવા પૂર્વે શ્રીરામના મ્યુઝિયમ, ત્રિપલ તલાકના વિરોધ અને સમાન નાગરી ધારાના અમલ અને સરજીકલ સ્ટ્રાઈક અંગે ગાજવીજ કરવા માંડી છે. શ્રીરામ મંદિર બાંધવાને બદલે મ્યુઝિયમની વાતને લોલીપોપ ગણાવવાનું વિશ્વ હિંદુ પરિષદમાંથી ભાજપના સાંસદ થયેલા વિનય કટિયારે જ પસંદ કર્યું. દિલ્હીશ્વરના દબાણ પછી સ્પષ્ટતા કરવા જતાં ય તેમની ગેંગેફેંફે થઈ. વિહિંપની ભૂમિકા તો સ્પષ્ટ છે કે છેક ૧૯૮૯થી ભાજપ કહે છે કે સંસદમાં બહુમતી મળે એટલે કાયદો બનાવીને સોમનાથની ભૂમિકા પર અયોધ્યામાં રામમંદિર બાંધીશું. શિવસેના ભાજપનો મિત્ર પક્ષ છે. એના સુપ્રીમો ઉદ્ધવ બાળ ઠાકરે તો ગર્જના કરે છે કે ભાજપ અયોધ્યામાં રામમંદિરના મુદ્દે મૂરખ બનાવે છે. ભાજપવાળા કહે છે કે મંદિર વહીં બનાયેંગે, મગર કબ વહ તારીખ નહીં બતાયેંગે. વિહિંપના સુપ્રીમો ડૉ. પ્રવીણ તોગડિયાને લાગે છે કે ભાજપને લોકસભામાં બહુમતી મળ્યાને અઢી વર્ષ વીતી ગયાં અને શ્રી રામ મંદિર બાંધવાનું હજુ યાદ કેમ ના આવ્યું? લોકસભા અને રાજ્ય સભાની સંયુક્ત બેઠક બોલાવીને મંદિરના નિર્માણનો નિર્ણય કરવા કાયદો બનાવી શકાય છે. એટલું જ નહીં, મોદી સરકાર કેબિનેટમાં પણ એ નિર્ણય કરી શકે છે. સુપ્રીમ કોર્ટમાં શ્રીરામ મંદિર અંગેના ખટલાનો ચુકાદો જલદી આવે અથવા તો મુસ્લિમો સાથે સમાધાનથી મંદિર બાંધવાનું સરળ કરી શકાયું હોત.પ્રશ્ન માત્ર વિવાદિત ૮૦ ફૂટ ટ૩૦ ફૂટ જમીનની ફાળવણી કરવાનો જ છે.બાકીની આજુબાજુની જમીન તો વિશ્વ હિંદુ પરિષદ કે તેના સમર્થકોએ ખરીદી લીધી છે.

ઉત્તર પ્રદેશમાં ૨૨ ટકા દલિત મત છે. ૧૮ ટકા મુસ્લિમ છે. માયાવતીએ દલિતો અને બ્રાહ્મણોના જોડાણ ઉપરાંત આ વખતે સૌથી વધુ બેઠકો પર મુસ્લિમોને ટિકિટ આપી છે એટલે મદાર મુસ્લિમ વોટબેંક પર છે. ભાજપની ચિંતા વધારનારું આ પરિબળ છે. ગુજરાતના ઉનાકાંડને સંસદમાં ગજવીને માયાવતીએ કેન્દ્ર સરકાર થકી ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવા શતાબ્દીની વર્ષભર કરેલી ઊજવણીની હવા કાઢી નાંખી.એ પછી ઉત્તર પ્રદેશમાં ભાજપી વ્યૂહમાં સતત પરિવર્તન કરવા પડી રહ્યાં છે. કોઈ ભાજપી નેતાને મુખ્યપ્રધાન પદ માટે આગળ કરવાનું માંડી વાળવું પડ્યું છે કારણ કેન્દ્રના ગૃહપ્રધાન રાજનાથ સિંહ, ગોરખપુરના સાંસદ મહંત આદિત્યનાથ, મેનકા-પુત્ર ભાજપી સાંસદ ફિરોઝ વરુણ ગાંધી, ભાજપના પ્રદેશાધ્યક્ષ કેશવ પ્રસાદ સહિતના અનેક નેતા આકાંક્ષી છે. ભાજપ જેમ બહુજન સમાજ પાર્ટીની ટિકીટ નકારાયેલા નેતાઓને પક્ષમાં પ્રવેશ આપે છે કે પછી કૉંગ્રેસમાંથી અસંતુષ્ટોને ભગવો ખેસ પહેરાવે છે એ જ રીતે ચૂંટણી નજીક આવતાં ભાજપના અસંતુષ્ટો પણ બિહારની ચૂંટણી વખતે થયું હતું એમ જ સામી છાવણી ભણી ગતિ કરવા માંડશે.

ઉત્તર પ્રદેશમાં સત્તારૂઢ સમાજવાદી પાર્ટીના યાદવ પરિવારના ૬૦ જેટલાં સભ્યો સાંસદ, પ્રધાન, સરકારી નિગમોના અધ્યક્ષ કે અન્ય હોદ્દે બિરાજમાન છે. સમાજવાદી નેતા ડૉ. રામમનોહર લોહિયાના સાથી રહેલા મુલાયમે ૨૫ વર્ષ પૂર્વે સમાજવાદી પાર્ટીની સ્થાપના કરી ત્યારથી એની ચડતી-પડતીમાં યાદવ પરિવારને તેઓ સંગઠિત રાખી શક્યા છે. હવે સમાજવાદ પરિવારમાં જ સમયો છે અને યાદવ પરિવારમાં જ તલવારો ખેંચાઈ છે. મુલાયમના પિતરાઈ રામગોપાલ યાદવ રાજ્યસભાના સાંસદ છે. એમની ભાજપી નેતાઓ સાથેની મુલાકાતો અને મુલાયમના સગાભાઈ શિવપાલ સાથેની મુખ્યપ્રધાન અખિલેશની મુલાકાતમાં અલગ પક્ષ રચવાની કરાયેલી વાતોએ ભડકો કર્યો છે. મુલાયમ ૧૩ વર્ષની વયે જેલવાસી થયા હતા.ઈંદિરા ગાંધી સાથે સંઘર્ષરત રહ્યા. ત્રણ-ત્રણ વાર ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન રહ્યા અને દેશના સંરક્ષણ પ્રધાન પણ રહ્યા. અત્યારે ભૂલી જવાની બીમારીથી ગ્રસ્ત ૭૬ વર્ષના મુલાયમને પેટ જ પડકારી રહ્યું છે. એની પાછળ ભાજપ થકી મૂકાયેલી સુરંગો જવાબદાર લેખાય છે. જોકે ખુલ્લંખુલા યાદવાસ્થળી ચાલતી હોવા છતાં મુલાયમ ઘીના ઠામમાં ઘી પડ્યું રહે એની વેતરણમાં છે. એટલે જ તેમના મુખ્યપ્રધાન પુત્ર અખિલેશે સરકારમાંથી તગેડેલા શિવપાલને પ્રદેશમાં પક્ષ ચલાવવાનું અને અખિલેશને સરકાર ચલાવવાનું ફરમાવ્યાની સાથે જ પોતાના ઉત્તરાધિકારી તરીકે એકવાર અખિલેશને જાહેર કર્યો છે,તો બીજી બાજુ નેતાને ધારાસભ્યો જ ચૂંટશે એવું કહ્યું છે. મુલાયમ ખરતું પાન છે. અખિલેશ હજુ યુવા લોહી છે. ભાજપના મોદી-અમિત શાહ સાથે રહીને સત્તાકારણ ખેલી શકાય એવી એમની ગણતરી હોઈ શકે.મુલાયમને તો વડાપ્રધાન થવાની તક હતી ત્યારે પણ એમણે સમાધાન નહીં કરતાં હોઠ અને પ્યાલા વચ્ચેના અંતરે એ તક ગુમાવી હતી.મુલાયમ વિરુદ્ધના સંપત્તિને લગતા ખટલાઓનો રિમોટ મોદી-અમિત કને છે.

સમાજવાદી નેતા મુલાયમ સિંહના પત્ની માલતી દેવીનું ૨૦૦૩માં અવસાન થયું ત્યાં લગી ભાગ્યે જ કોઈને જાણ હતી કે મુલાયમનાં બીજાં પત્ની સાધના ગુપ્તાથી એમને ૧૯૮૮માં પ્રતીક યાદવ નામનો દીકરો જન્મ્યો હતો. સાધના ગુપ્તા સમાજવાદી પાર્ટીનાં કાર્યકર હતાં. મુલાયમના પત્નીના અવસાન પછી એમના મિત્ર અને સાંસદ અમરસિંહ મારફત જ સાધના દેવીને પત્ની તરીકે સ્વીકારવા દબાણ થવા લાગ્યું હતું. ગેરકાયદે સંપત્તિના ખટલાઓમાં ફસાયેલા મુલાયમે ૨૦૦૭માં સુપ્રીમમાં સાધના ગુપ્તા અને પ્રતીકને અનુક્રમે પત્ની અને પુત્ર તરીકે સ્વીકાર્યાં હતાં. ત્યાં લગી ૧૯૭૩માં માલતી દેવીથી જન્મેલો અખિલેશ જ એમનો એકમાત્ર પુત્ર હોવાનું જણાવાતું હતું. તાજેતરની સમગ્ર કવાયતમાં સાધના દેવી અને પ્રતીક યાદવને પણ અધિકાર મળે એ માટેની આક્રમકતા પણ બહાર આવી છે. અખિલેશના પત્ની ડિમ્પલ લોકસભાના સભ્ય છે, તો પ્રતીકનાં પત્ની અપર્ણાને પણ લોકસભે મોકલવાનો ગત ચૂંટણીમાં આગ્રહ થયો હતો. જોકે આગામી વિધાનસભા ચૂંટણીમાં તેમને લખનઊની ટિકિટ અપાઈ છે. કવાયતમાં અમરસિંહ અને અપરમા બેઉ સાથે જ સગ્ગા કાકા શિવપાલ પણ ખલનાયક હોય એવું મુખ્યપ્રધાન અખિલેશને લાગે છે. આ સમગ્ર યાદવાસ્થળીને પ્રતાપે લાભ કયા પક્ષને થશે એ કહેવું મુશ્કેલ છે, પણ સમાજવાદી પાર્ટીના કાર્યકરોની આક્રમકતા જરૂરી વધી છે.

એક જિજ્ઞાસુ ભક્ત હતો.
કબીરજીનો તે ભક્ત હતો.
એક દિવસ કબીરજી પાસે આવ્યો સલાહ માગી :
'કબીરજી, હું સંન્યાસી બનું કે સંસારી ?'

કબીરજીએ કહ્યું : 'જે કંઈ બનો તે બહુત અચ્છા બનો! આદર્શ બનો!'

સચોટપણે સમજાવતાં કબીરજીએ પત્નીને બોલાવી અને દીવો પ્રગટાવી લાવવા કહ્યું.

અજવાળું હોવા છતાં પત્ની દીવો લાવી અને કશું પણ બોલ્યા વિના દીવો કબીરજી પાસે મૂકી દીધો. કબીરજીએ જિજ્ઞાસુને કહ્યું : 'ગૃહસ્થ બનવું હોય તો વિશ્વાસુ બનો, બીજાની ઈચ્છા જ પોતાની ઈચ્છા બનાવો.'

બીજું ઉદાહરણ આપતાં તેઓ જિજ્ઞાસુને એક ટેકરી પર એક સંત પાસે લઈ ગયા. સંતને કબીરે પૂછ્યું : 'આપની ઉંમર કેટલી થઈ?'

'એંસી વર્ષ.' સંતે કહ્યું.

કબીરજીએ ત્રણ-ચાર વાર આ જ પ્રશ્ન પુછ્યો. સંતે ગુસ્સે થયા વગર દર વખતે 'એંસી વર્ષ... એંસી વર્ષ...' કહ્યા કર્યું.

હવે કબીરે કહ્યું : 'ભાઈ, સંત બનવું હોય તો આવું બનવું ગુસ્સો ન કરે તે જ સંત બને.'

# નવા વર્ષમાં સૌ સાથે મળીને સુંદર ખુશહાલ વિશ્વનું સર્જન કરીએ






આજે નવા વર્ષનો પ્રારંભ એટલે ચારેબાજુ ખુશીઓ જ ખુશીઓ. રોશની, નવા કપડાં, એકબીજાના ઘરે આવવું - જવું અને Positivityનો વરસાદ. સકારાત્મક ઉર્જાનો વર્ષભર માટેનો સંચય કરવાનો તહેવાર એટલે દીવાળી! જૂના વેર-ઝેર, જૂના મન દુઃખ અને તમામ નકારાત્મક બાબતોને ભૂલીને આજથી કરીએ એક નવી શરૂઆત. વીતી ગયું એ સારું હતું કે ખરાબ પણ હવે પછી જે થશે એ સારું અને શુભ જ થશે એ જ આશયથી આપણે સૌ નવા વર્ષનો પ્રારંભ કરીએ છીએ. આજના આ સમયમાં સંબંધો જયારે સાવ નાની અમથી વાતમાં તૂટી જવાના કિસ્સા સાંભળીએ ત્યારે ઉપરોક્ત વાર્તામાં કબીરજીએ કહેલી વાત ખૂબ મદદરુપ બનતી લાગે કે ગૃહસ્થજીવનને સફળ બનાવવા માટે પરસ્પર વિશ્વાસ હોવો સૌથી વધુ આવશ્યક બાબત છે. વિશ્વાસ બંનેમાંથી કોઈ એકમાં વધુ હોય અને અન્ય વ્યક્તિમાં વિશ્વાસનો અભાવ વર્તાય તો પણ દાંપત્યજીવનનું ગાડું ખોરભાંય છે. અન્ય એક એટલી જ મહત્ત્વની બાબત છે અન્યની એટલે કે તમારા જીવનસાથીની ઈચ્છા જ પોતાની ઈચ્છા છે તેમ માનવું. આ બાબત બંને પક્ષે સમાનભાવે લાગુ પડે છે અને આ ઈચ્છા પણ પરાણે થોપી દેવી તેમ નહિ પરંતુ, પરસ્પર એટલી understanding હોવી જોઈએ કે અન્યની ઈચ્છાને પણ સમાન ન્યાય મળી રહે. હમણાં Whats app પર એક મેસેજ ખૂબ વાયરલ બન્યો છે કે,

'આવનાર વર્ષમાં... તમારું ઘર સારું ચાલે અને...
એ ઘરમાં તમારું ચાલે એવી શુભેચ્છા....'

તો આવનાર વર્ષમાં આપનું સાયુજ્ય પારિજાતના પુષ્પ સમું મ્હોરી અને મહેંકી ઊઠે એ માટે આપ બંને પરસ્પર સમજણ અને સમજદારીપૂર્વક એકબીજાને એ અહેસાસ કરાવો કે ઘરમાં 'તારું' જ ચાલે છે.

આજકાલ લોકો માનસિક હતાશા અને નિરાશાનો ભોગ બનતા હોવાને કારણે જે રીતે સ્માર્ટ ફોન્સનો ફુગાવો થઈ ગયો છે તે જ પ્રમાણે સંત અને સાધુ બાબાઓનો પણ રાફડો ફાટ્યો છે. પણ ખરો સંત કે ખરો તપસ્વી તો સહનશીલતા અને ત્યાગની મૂર્તિ સમાન હોય. તે પોતાની પાસે આવનારને અજ્ઞાનરૂપી અંધકારની ગર્તમાંથી હાથ ઝાલીને ઉગારી લેવા પણ સક્ષમ હોય છે. સંત એ છે કે આપણામાં રહેલા સત્ અને અસત્ને પિછાણીને ખૂબ ધીરજપૂર્વક અને પ્રેમથી જીવનના સાચા રહસ્યને સમજાવે છે. આજકાલ નવયુવાનો કે જિંદગીથી હારી ચૂકેલા લોકો સન્યાસ લઈને પોતાને સંત માની બેસવાની ભૂલ કરી બેસે છે. ત્યારે વહેલી-મોડી તેમની અસલીયત છતી થયા વિના રહેતી નથી. સંત હોય તે શાંત અને સહનશીલ હોય અને ખોટી ખુશામતથી દૂર રહેતા હોય. દરેક વ્યક્તિના જીવનમાં ગુરુનું એક આગવું સ્થાન હોય છે. પણ આ ગુરુનું ચયન કરવામાં પણ માણસે વિવેકબુદ્ધિ જાળવવી જ રહી. અને આમ જોવા જઈએ તો આપણને દરેક વ્યક્તિમાંથી કંઈક ને કંઈક, કોઈ પણ સ્વરુપે શીખવા મળે તે જ આપણા ગુરુ. અને એ કોઈ પરિસ્થિતિ, કોઈ અનુભવ કે આપણી આસપાસ રહેતી સાવ સામાન્ય વ્યક્તિ પણ હોઈ શકે. આપણે આપણું વર્તન એવું કરીએ કે તેમાંથી કોઈ પણ વ્યક્તિ પ્રેરણા મેળવી શકે. જયાં પણ છીએ અને જે પણ કરી રહ્યા હોય તેને પૂરેપૂરા ખંત અને ઉત્સાહથી કરીએ તો આપણે સ્વયં કોઈના માટે ઉદાહરણરૂપ બની શકીશું.

જીવનમાં જે કંઈ પણ બને છે તે સારા માટે બને છે અને આજ સુધી જે પણ બન્યું તેમાંથી ઘણું શીખવા પણ મળ્યું છે માટે જે છે એનાથી સંતુષ્ટ રહી અને ઈશ્વરની કૃપાને જાણતાં થઈએ મનુષ્યઅવતાર જેવો બહુમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે ત્યારે સૌની મદદ કરી અને સૌનું ભલું ઈચ્છીએ અને સમગ્ર વિશ્વની શાંતિ માટે કામના કરીએ. આપણે આપણો આનંદ, આપણી ખુશી અને આપણો તહેવાર ત્યારે જ ખરા અર્થમાં ઊજવી શકીશું જયારે આપણી આસપાસ રહેલા તમામે તમામ લોકો ખુશ, સંતુષ્ટ અને સ્વસ્થ હશે. તો આવો, નવા વર્ષમાં સૌ સાથે મળીને સુંદર ખુશહાલ વિશ્વનું સર્જન કરીએ.' આપ સર્વેનું આવનારું વર્ષ સુખદાયી અને ફળદાયી નીવડે એ જ શુભેચ્છા...

- nehalgadhavi101@gmail.com

# ટ્રીપલ તલાક ભારતીય બંધારણની કલમ ૧૪ અને ૧૫ નો ભંગ સમાન છે




તાજેતરમાં કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટને સમાન સીવીલ લૉ ની હિમાયત કરતા ખરડો પસાર કરવા અનુમોદન આપવા તથા મુસ્લીમ પર્સનલ લૉ બોર્ડની સત્તાઓમાં કાપ મુકી દેશમાં સમાન સીવીલ લૉ અમલમાં મુકવાની તરફેણ કરતા લઘુમતી સમાજમાં ભારે હોહા થયેલ છે.

ભારતએ આર્ય કાળથી હિન્દુ રાષ્ટ્ર છે પરંતુ સર્વ ધર્મ સમભાવની નીતિને અનુસરતો દુનિયાનો પ્રથમ દેશ છે. આર્ય કાળથી વેદ વેદાંત મુજબ પણ સ્ત્રીઓને દેવી સમકક્ષ ગણવામાં આવેલ છે ''યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા'' ની વિચાર સરણીવાળા દેશમાં અલગ અલગ ધર્મમાં સ્ત્રીઓ માટેના અલગ અલગ કાયદા પોતપોતાના ફાયદા માટે અનુકુળતા પ્રમાણે ધર્મના નામે જોડી સ્ત્રીઓનું શારિરીક, માનસીક અને આર્થિક રીતે શોષણ જ કરવામાં આવ્યું છે જે આજના વૈશ્વિક યુગમાં, આધુનિક યુગમાં સ્ત્રી પુરૂષની સમોવડી માનવામાં આવતી ખભે ખભો મીલાવી સમાજના દરેક કાર્યમાં સક્રિય યોગદાન આપી દેશના વિકાસના એન્જીનને આગળ ધપાવતી હોય તેવા સંજોગોમાં જુનવાણી વિચારસરણી ધરાવતા મુસ્લીમ પર્સનલ લૉ બોર્ડના નિયમો, સરીયતના નિયમોને વળગી રહેવું કેટલા અંશે વ્યાજબી છે? જે રદ કરવા એ સમયની માંગ છે.

નારી સન્માનની સાથે તેના અસ્તીત્વની મહત્વતા આપણા ગ્રંથોમાં પણ મળી આવે છે. ભારતમાં અલગ અલગ ધર્મ, જાતી, સંસ્કૃતિઓ, અને સંપ્રદાયો કે જેને પોતપોતાના અલગ અલગ રીત રીવાજો, નીતિ નિયમો છે જેને ભારતીય બંધારણ સાથે કે સમાન સીવીલ કોડ સાથે કોઈ જ નિસ્બત નથી દરેકને જીવવું ધર્મનિરપેક્ષ રાષ્ટ્રમાં છે અને કાયદા પોતાના ધર્મના પાળવાનો દુરાગ્રહ રાખે છે જે વરવી વાસ્તવિકતા છે.

મુસ્લીમ સમાજમાં ત્રીપલ તલાકના મુદ્દા ઉપર જ વાદવિવાદ છે ઉમરાઓ, મુલ્લાઓ, સંપ્રદાયના વડાઓ સમાન સીવીલ લૉનો જોર શોરથી વિરોધ કરે છે જયારે આમ નાગરિક મુસ્લીમ પર્સનલ લૉ બોર્ડ અને સરીયતના નિયમોનો વિરોધ કરે છે દેશમાં વસતી તમામ મુસ્લીમ મહિલાઓ ત્રીપલ તલાકનો ભારે વિરોધ કરે છે પરંતુ મુલ્લાઓ, ઉમરાઓ અને ધર્મગુરૂઓ સામે અવાજ ઉઠાવી શકવા સક્ષમ નથી તેવા સમયે મુસ્લીમ મહિલાઓના શોષણનો અંત લાવવા તથા દેશમાં વસતા તમામ ધર્મ, જાતીના નાગરિકોએ ભારતીય બંધારણ મુજબ કાયદાથી રક્ષીત કરવા નીતિ નિયમોનું પાલન કરવા સમાન સીવીલ કોડ અસ્તીત્વમાં લાવવા કેન્દ્ર સરકાર ભારે જહેમત ઉઠાવી રહી છે.

ત્રીપલ તલાકએ ભારતીય બંધારણની કલમ-૧૪ અને ૧૫ મુજબ અયોગ્ય, ગેરકાયદેસર અને ગેર કાનૂની જ છે. મુદ્દો ધાર્મિક માન્યતા કે રીવાજમાં

**કાયદો સર્વોપરી છે અને ભારતના બંધારણ મુજબ દેશમાં વસતા તમામ જ્ઞાતી, જાતી, ધર્મ માટે સમાન કાયદાની જોગવાઈ છે**

ફેરફાર કરવાનો નથી પરંતુ ધાર્મિક માન્યતાની આડમાં કાયદાની થતા શોષણ તથા હક્ક, અધિકાર ઉપર લાગતી તરાપનો છે. સ્ત્રીઓને મૂળભૂત અધિકારથી વંચીત ના રાખી શકાય તેમના શિક્ષણ, ઉછેર, વસવાટ, ભરણપોષણના હક્કોને ધર્મના કુરીવાજોના નામે દબાવી ના દેવાય કોઈપણ રાષ્ટ્ર માટે સ્ત્રીના માન સન્માન, લાગણીઓ સામે આંખ આડા કાન કરવા યોગ્ય નથી આજે સ્ત્રી વૈશ્વિક રીતે પોતાનો વિકાસ સારી રીતે કરી શકે છે તથા સમાજના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહી છે તો કાયદાથી તેને રક્ષીત કરવાની જવાબદારી બંધારણીય હક્ક, અધિકાર આપવાની જવાબદારી સરકાર અને કાયદા બન્નેની છે.

ભારતનું બંધારણ એ ધર્મ, જાતી, જ્ઞાતી કે વાડા સંપ્રદાયથી સર્વોપરી છે જે દેશમાં વસતા તમામ જાતી, જ્ઞાતી, ધર્મના લોકોને એક સમાન રીતે લાગુ પડે છે. ધર્મના આડમાં કાયદાનો ભંગ કરવો એ ન્યાયોચીત નથી જ જે રાષ્ટ્રની સલામતી અને શાંતિ માટે રાષ્ટ્રના વિકાસ માટે જોખમી છે.

ભારતીય બંધારણનો મૂળભૂત અધિકાર તથા પ્રાથમીકતા ન્યાયના સિધ્ધાંત ઉપર આધારીત છે. ભારતના બંધારણમાં દરેક ધર્મ, સંપ્રદાયના રક્ષણ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ વ્યવસ્થાના એક ભાગ તરીકે મુસ્લીમ બોર્ડે કામકાજ કરવું જોઈએ. વ્યક્તિગત કાયદા બનાવી તેને ધર્મ કાનૂનતા અને ધર્મ ચુસ્તતા સાથે સાંકળી સ્ત્રીઓને શોષણનો ભોગ બનાવી દબાવી શકાય નહિ સમાન આચાર સંહિતા ઘડવાનું નીતિ નિયમનું પાલન કરાવવાનું મુસ્લીમ લૉ બોર્ડનું કામકાજ હોવું જોઈએ એક જ ધર્મની સ્ત્રી અને પુરૂષની વચ્ચે ભેદભાવ રાખી સ્ત્રીઓને દબાવી અધિકારોનું ગળુ ટુંપવાના નિયમોને પ્રોત્સાહન આપવાનું કામ ધાર્મિક સંપ્રદાયો કે વડાઓનું કે ધર્મગુરૂઓનું નથી.

માત્ર ટેલીફોનીક તલાક એ ભારતના કોઈપણ કાયદામાં કે બંધારણની જોગવાઈઓમાં સુસંગત કે માન્ય નથી. મુસ્લીમ સરીયતના નીતિ નિયમો અને જોગવાઈઓનું પાલન કરી ત્યારબાદ જ કાયદેસર રીતે છૂટાછેડા મેળવવા જોઈએ માત્ર ત્રણ શબ્દના ઉચ્ચારણથી પોતાની જવાબદારીઓ તથા નૈતિક ફરજમાંથી મુક્ત થઈ ન શકાય, કાયદા અને કાનૂનનું પાલન પણ સરીયતના નિયમો સાથે ચુસ્ત રીતે કરી ન્યાય કરી ન્યાયીક કાર્યવાહી અનુસરીને તલાક મેળવવા જોઈએ. મુસ્લીમ પર્સનલ લૉ બોર્ડનો વ્યવહાર મુસ્લીમ મહિલાઓ પ્રત્યે અમાનુષી જ રહ્યો છે. લાગણીસભર કયારેય રહ્યો નથી તે વાત આજની આધુનિક શિક્ષીત મહિલાઓ સારી રીતે જાણી ગઈ છે.

ભારતમાં કોઈ વ્યક્તિ કાયદા સમક્ષ સમાનતા અથવા કાયદાઓના સમાન રક્ષણનો ઈન્કાર કરી શકે નહિ. કાયદો બધા માટે સમાન છે અને સર્વોપરી છે જે ભારતીય બંધારણની કલમ ૧૪ માં સ્પષ્ટ કરેલ છે. સમાનતા એટલે કોઈપણ વર્ગ કે વ્યક્તિની વિશેષ તરફેણ કરી વિશેષાધિકારનો અભાવ એક દેશમાં વસતા તમામ જ્ઞાતી, ધર્મના નાગરિક માટે એક સમાન કાયદો હોય જે એક સમાન રીતે લાગુ પડે કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ જીવંત વ્યક્તિઓ ઉપરાંત કાનૂની વ્યક્તિઓને પણ સમાન રીતે પ્રાપ્ત થવું જોઈએ.

રાજયમાં કોઈપણ નાગરિક સામે માત્ર ધર્મ, જાતી, રીત રીવાજ, લીંગ, જન્મસ્થાન અથવા તેવા કોઈપણ કારણસર કાયદાથી ભેદભાવ કરી શકાય નહિ તેવું ભારતીય બંધારણની કલમ ૧૫ માં સ્પષ્ટ જોગવાઈ છે જેનો મુસ્લીમ પર્સનલ લૉ બોર્ડ અત્યાર સુધી સરેઆમ ભંગ કરતો આવેલ પરંતુ મુસ્લીમ વોટ બેન્કના નામે રાજનેતા આવા સંવેદનશીલ મુદ્દાને કાયદાનું સ્વરૂપ આપતા અચકાતા જેનો ભોગ સ્ત્રીઓ બનતી આવેલ. દેશમાં સમાન સીવીલ કોડ લાગુ પાડવા ચારેતરફથી સમર્થન મળી રહ્યું છે જે આવનાર સમયમાં કેવું રાજકિય સ્વરૂપ પકડશે તે જોવાનું રહ્યું. કાયદો સર્વોપરી છે અને ભારતના બંધારણ મુજબ દેશમાં વસતા તમામ જ્ઞાતી, જાતી, ધર્મના લોકો માટે સમાન કાયદો હોય અલગ નીતિ નિયમોથી ધર્મના નામે છટકબારી શોધી શકાય નહિ. આ નવા કાયદાના અમલથી કેન્દ્ર સરકાર ૧૪૦૦ વર્ષ જુની પરંપરાનો અંત આવશે જયારે ૨૧ કરોડ મુસ્લમાનોને કેન્દ્ર સરકાર ખુશ કરી શકશે કે નારાજ થશે તે તો આવનાર સમય જ બતાવશે.